॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર — જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં.૨૦૭૭● આસો વદ-સાતમ● તા.૨૮-૧૦-૨૧ ● ગુરૂવાર SDP NO:557 પાનાં:૩ MOB.:+91 780187774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી વડવા (નવાવાસ) લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ જનરલ મીટીંગ

શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વડવા નવાવાસ ની જનરલ મીટીંગ

તારીખ 25.10.2021 ના રાત્રે 9 વાગે પાટીદાર સમાજ વાડી માં પ્રમુખ શ્રી રતનશીભાઈ હરજીભાઈ ઠાકરાણી ના અધ્યક્ષ સ્થાને રાખેલ હતી.

પ્રમુખશ્રી રતનશીભાઈ ઠાકરાણી એ છેલ્લાં છ વર્ષ પ્રમુખપદે રહ્યા તેમાં બધા નો ખુબજ સહકાર રહ્યો. તેમણે બધાનો આભાર માન્યો.

ત્યારબાદ સર્વાનુમતે શ્રી ડાયાલાલભાઈ રવજી વાસાણી ની પ્રમુખ તરીકે વરણી કરી. અને પછી બધા જ હોદેદારો ની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

નવનિયુક્ત કારોબારી હોદેદારો

પ્રમુખ-**ડાયાલાલભાઈ રવજીભાઈ વાસાણી**
ઉપપ્રમુખ-**અરવિંદભાઈ હરજીભાઈ વાસાણી**
મહા મંત્રી-**બાબુલાલ કેશવલાલ વાસાણી**
સહમંત્રી-**દિલીપકુમાર હિરાલાલભાઈ ભગત**
ખજાનચી-**કાંતિલાલ શામજીભાઈ વાસાણી**
સહ ખજાનચી-**છગનલાલ નથુભાઈ વાસાણી**
ઓડિટર-(C.A.)**ઈલેશ વિનોદભાઈ ભગત(મુંબઈ)**
ઓડિટર-(C.A.)**સુભાષ રવિલાલ વાસાણી(મુંબઈ)**

કારોબારી સભ્ય

પ્રવીણ દેવશીભાઈ ઠાકરાણી
હરિલાલ કરશન માંકાણી
રવિલલ ભીમજી પોકાર
કૈલાશ પરષોત્તમ વાસાણી
અમિત લવજીભાઈ પોકાર
કરમશી જશાભાઈ વાસાણી
શંકરલાલ પુંજાભાઈ વાસાણી
શાંતિલાલ કાનજીભાઈ ભગત(ભુજ)
મણીલાલ વાલજીભાઈ વાસાણી(મુંબઈ)
વિનોદ લાલજીભાઈ ભગત(મુંબઈ)
હિરાલાલ લધાભાઈ માંકાણી(મુંબઈ)
પુંજાભાઈ હરજીભાઈ ઠાકરાણી(નાશિક)
ચુનીલાલ કરશનભાઈ ભગત(નાશિક)

સલાહકારશ્રીઓ

કિરીટભાઈ માવજીભાઈ ભગત(ભુજ)
રતનશીભાઈ હરજીભાઈ ઠાકરાણી
વિશ્રામ દેવશી વાસાણી
રવીલાલ શીવજી વાસાણી(મુંબઈ)
પરસોતમ કેશવલાલ વાસાણી
નારણભાઈ ભીમજીભાઈ વાસાણી.

નવા નિમાયેલા પ્રમુખશ્રી ડાયાભાઈ એ ત્રણ વર્ષ દરમ્યાન સમાજ ઉપયોગી કાર્યો કરવાં છે તેમાં બધા નો સહકાર જરૂર પડશે.

છેલ્લે પુર્વ મંત્રી શ્રી લવજીભાઈ શીવજી પોકારે નવનિયુક્ત કારોબારી આવનારા સમયમાં જે પણ કાર્ય કરવા નાં છે તેમાં તેમને સફળતા મળે તેવી કુળદેવી મા ઉમિયા અને ઈસ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણ પાસે પ્રાર્થના. સાથે આભાર વિધિ કરી. મિટિંગ પૂર્ણ જહેર કરતાં મિટિંગ ને વાગોળતા સૌ છુટ્ટા પડ્યા.

-શાંતિલાલ ભગત-ભુજ.

સરદાર પટેલ રીજીયન નર્મદા કાઉન્સિલ સંતરામ વિભાગ

જય લક્ષ્મીનારાયણ સરદાર પટેલ રીજીયન નર્મદા કાઉન્સિલ સંતરામ વિભાગ

તા. 25.10.21 ને સોમવાર ના રોજ સંતરામ વિભાગ દ્વારા પ્રભારીશ્રી જીતેન્દ્રભાઈ પોકાર ના અધ્યક્ષસ્થાને સિદ્ધિવિનાયક દેવસ્થાન, મહેમદાવાદ ખાતે કોર કમિટીની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં દેવસ્થાન ટ્રસ્ટના મહંતશ્રી ખાસ ઉપસ્થિત હતા. ઉપરાંત સંતરામ વિભાગના મહામંત્રીશ્રી જીજ્ઞેશ સુરાણી, મિશન ચેરમેનશ્રી કિરીટભાઈ પોકાર, બંને સહમંત્રીશ્રી કિશોરભાઈ ધોળું અને અંકિતભાઈ રંગાણી, ખાત્રાજ યુવક મંડળના પ્રમુખશ્રી હસમુખભાઈ ધોળુ, તેમજ અન્ય કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

આ મીટિંગનો મુખ્ય હેતુ દેવદર્શન - સ્નેહમિલન કાર્યક્રમ નક્કી કરવાનો હતો. સર્વ પ્રથમ તો દેવસ્થાનના મહંતશ્રી દ્વારા દરેક સભ્યને ગણેશજીની સુંદર પુજા કરાવવામાં આવી હતી. દરેકે દેવસ્થાન ટ્રસ્ટ અને તેમની સુંદર કામગીરી વિશે માહિતી મેળવી હતી. દેવસ્થાન ના ટ્રસ્ટ અને મહંતશ્રી તરફથી સ્નેહમિલનના કાર્યક્રમને આવકારીને લીલી ઝંડી આપવામાં આવી હતી. તેમણે મંદિર તરફથી સંપૂર્ણ સહકાર ની ખાતરી આપી હતી. પ્રભારીશ્રી જીતેન્દ્રભાઈ પોકારે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ખાત્રાજ અને મહેમદાવાદ સમાજ ની યજમાની અને સંતરામ વિભાગના સહકાર થી સિદ્ધિવિનાયક મંદિર પરિસરમાં જ કરવામાં આવશે.

આ કાર્યક્રમ 19.11.21 ને દેવદિવાળી (પૂનમ) ને દિવસે ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાજર રહેવા માટે સંતરામ વિભાગના કોઈપણ સભ્યે અગાઉથી નામ નોંધાવાનું રહેશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમથી સૌ કોઈ એકબીજાની નજીક આવશે અને દેવદર્શનની સાથે સાથે આરતીનો લ્હાવો પણ મેળવશે. મિશન ચેરમનેશ્રી કિરીટભાઈએ આભારવિધિ કરીને મીટીંગને પૂર્ણ જાહેર કરી હતી.

ખાસ નોંધ : હાલ દેવસ્થાન ટ્રસ્ટ તરફથી GPSC - UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને બિલકુલ ફ્રી ભણાવવામાં આવી રહ્યા છે જેનો હાલ ક્ષટડ જેટલા વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ટ્રસ્ટ તરફથી આજુબાજુના ગામની ક્ષડક્ષ દીકરીઓને દત્તક લઈને તેમની સંપૂર્ણ જવાબદારી વહન કરવામાં આવી રહી છે. તેમજ કોરોનામાં માતાપિતાની છત્રછાયા ગુમાવનાર જ્ઞપ જેટલી દીકરીઓ નો તમામ ખર્ચ દેવસ્થાન ટ્રસ્ટ ઉઠાવી રહ્યું છે.)

સરદાર પટેલ રીજીયન PRO બિજોય ભાવાણી (પેટલાદ)

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ તલોદ ની વાર્ષિક સાધારણ સભા

॥ सनातन परमो धर्म ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ તલોદ

નવનિયુક્ત ટીમ 2021-24

પ્રમુખશ્રી	મહામંત્રી	ઉપપ્રમુખ	ખજાનચી	સહમંત્રી	સહમંત્રી
દિનેશભાઈ ડી.પારસીયા	હરિભાઈ એસ.ધોળુ	જ્યંતીભાઈ એમ.પોકાર	લક્ષ્મણભાઈ કે. ભાવાણી	નિલેશ જી.સુરાણી	મહેન્દ્ર એચ.ધોળુ

કારોબારી સભ્યો

શાંતિલાલ કે.નાકરાણી
બાબુલાલ એલ.ધોળુ
ડૉ.વસંતભાઈ એ.ધોળુ
નરેશભાઈ ડી.ભગત
કાન્તિભાઈ બી.ભાવાણી
મણિલાલ એમ.ભગત
ધીરજભાઈ ડી.ધોળુ
ડૉ.જીતેન્દ્રકુમાર પી.ભાવાણી
હર્ષદકુમાર વી.ધોળુ
હરેશકુમાર સી.લીંબાણી
હરેશકુમાર એમ.ચૌહાણ
વિજયકુમાર બી.પોકાર
પ્રવિણભાઈ કે.પારસીયા
દિનેશભાઈ આર.ભગત
બકુલભાઈ વી.ધોળુ
રાજેશકુમાર જે.છાભૈયા
ચંદ્રકાન્ત એલ.ધોળુ

યુવા મંડળ પ્રમુખશ્રી ગૌતમ આર.ભગત

યુવા મંડળ મંત્રીશ્રી રમેશ એલ.મેઘાણી

તલોદ મહિલા મંડળ, નવ નિયુક્તિ

તા:-૨૦.૧૦.૨૧ ને બુધવાર શરદપૂર્ણિમા ના પવિત્ર દિવસે મહિલા મંડળ, તલોદ ની જનરલ સભા યોજાઈ. જેમાં કરેલ કાર્યોની ચર્ચા બાદ નવી ટીમની રચના કરી પ્રમુખ શ્રીમતિ પ્રમુખ

પ્રમુખ **મયુરીબેન બી.ધોળુ** | **ઉપપ્રમુખ** **શિલ્પાબેન વી.પોકાર**

તા:-19.10. 2021 ને મંગળવારે રાત્રે 9:00 કલાકે સમાજના પ્રમુખશ્રી શાંતિભાઈ કે. નાકરાણી ના અધ્યક્ષ સ્થાને સમાજવાડી માં યોજાઈ ગઈ. સૌપ્રથમ સમૂહ પ્રાર્થના બાદ સમાજના મૃત્યુ પામેલ સમાજનો માટે બે મિનિટ મૌન પાળી તેમની આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરી એજન્ડા મુજબ સભાની શરૂઆત કરી હતી.

સમાજના મહામંત્રી શ્રી ધીરજભાઈ ધોળુએ ગત મિટિંગની મિનિટ્સનું પ્રોસિડિંગ અને હિસાબો વંચાણે લઈ સભાની બહાલી મેળવી હતી.

ગત ટર્મમાં થયેલ સામાજીક કાર્યો, ઉત્સવો અને ખાસ કરીને કોરોના ના લોકડાઉન સમયમાં યુવા મંડળ દ્વારા કરેલ સેવા બદલ સૌને બિરદાવ્યા હતા. ત્યારબાદ સમાજવાડીની બાજુની જમીન ખરીદવા બાબત ની માહિતી આપી તેની ઉપર ચર્ચા કરી હતી સાથે નવા વર્ષના મિલન ની માહિતી આપી હતી.મુક્ત મંતવ્યોમાં ડૉ. વસંતભાઈ ધોળુ એ બહારથી તલોદમાં રહેવા આવેલ સનાતની પરીવારોનેઆપણી સમાજમાં પ્રવેશ આપવો જોઈએ તેવી સુંદર અપીલ કરી હતી અને સૌ સમાજનોએ આ વાતને વધાવી લીધી હતી. ત્યારબાદ અધ્યક્ષ સ્થાનેથી શાંતિભાઈ કે.નાકરાણીએ પોતાનું ઉદબોધન આપ્યું હતું. શાંતિભાઈ નાકરાણીની 25 વર્ષ ના સામાજીક સફરના કાર્યો ને સૌ સમાજજનો એ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

જૂની ટીમની સમયમર્યાદા પૂર્ણ થતા નવી ટીમની રચના તથા કારોબારી સભ્યોની પસંદગી માટે પસંદગી સમિતિની જાહેરાત કરી હતી. ત્યારબાદ પસંદગી સમિતિએ પોતાની સૂઝબૂઝ અને અનુભવના આધારે આવેલ ફોર્મમાંથી કારોબારી સભ્યોની પસંદગી કરી હતી અને આ કારોબારી સભ્યોએ ચર્ચા કર્યા બાદ નવી ટીમ 2021-24 માટેના હોદ્દેદારોની નિમણૂક કરી હતી.

નવાબી નગરી ભોપાલની નવાજુની નવી કારોબારીની રચના

અધ્યક્ષ: **શ્રીચેતનભાઈ નવીનભાઈ ધોળુ**

મહામંત્રી **શ્રી દિલીપભાઈ નાકરાણી**

ભોપાલઃ અત્રે વસવાટ કરતાં જ્ઞાતિનાં ભાઈ બહેનોની મળેલી બેઠકમાં શ્રીકચ્છ કડવા પાટીદાર સમાજ (ભોપાલ) ની વર્ષ ૨૦૨૧-૨૩ની ટર્મ માટે નીચે મુજબ ટીમની વરણી કરાઈ હતી .

અધ્યક્ષઃ શ્રીચેતનભાઈ નવીનભાઈ ધોળુ. ઉપાધ્યક્ષ શ્રીહરિભાઈ નાયાણી,મહામંત્રી શ્રી દિલીપભાઈ નાકરાણી , મંત્રી:શ્રી ઉમેશભાઈ પોકાર, ખજાનચી: શ્રી રાજેશભાઈ પારસીયા કારોબારી સભ્યો સર્વશ્રી બાબુભાઈ સેંઘાણી ભરતભાઈ રામાણી, નરેન્દ્રભાઈ સોમજીયાણી હરીશભાઈ પાંચાણી, હેમેન્દ્રભાઈ વાલાણી સલાહકારો સર્વશ્રી : મહેશભાઈ ધોળુ અને કીર્તિભાઈ પોકાર.ગૌરવરૂપ વરણી ચાલુ વર્ષે ભોપાલ સમાજનાપ્રમુખપદે ચુંટાનાર શ્રી ચેતનભાઈ ધોળુ મિતભાષી , મૃદુ સ્વભાવવાળા ૪૬ વર્ષીય યુવા છે .

તેમની ભોપાલ પ્લાયવુડસ એન્ડ હાર્ડવેર વ્યાપારી એસોસીએશનના પ્રમુખપદે તથા Institute of Indian Interior Designers (IIID) ના ભોપાલ રીજીયન સેન્ટરના ટ્રેડ ચેરમેન તરીકે પણ ત્રણ વર્ષ માટે ગૌરવરૂપ નિમણુંક થઈ છે .

આમ , તરવરીયા યુવાન શ્રી ચેતન ધોળુ બહુમુખી પ્રતિભાશાળી વ્યકિતત્ત્વ છે એટલે નવાબી નગરી ભોપાલ સમાજ એમના નેતૃત્વ માં ઉત્તરોતર વિકાસ કરે એવી શુભેચ્છાઓ ... **શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, પ્રચાર પ્રસાર સમિતિ.**

શ્રી દક્ષિણ કર્ણાટક ઝોનની સામાન્ય સભા.

તા. 24.10.21 ને રવિવારે બેંગ્લોર મા કડવા પાટીદાર સમાજ કે. આર. પુરમ મધ્યે પોતાના ભવનમાં તેમના યજમાન પદે શ્રી દક્ષિણ કર્ણાટક ઝોન ની સામાન્ય સભા નું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં સૌ પ્રથમ મહામંત્રી શ્રી વસંતભાઈ ગોરાણી ઉડપી દ્વારા સર્વે પ્રતિનિધિ ઓ તથા સલાહકારો ને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવેલ તેમાં દરેક સભ્યોનું ફુલ આપી N. S. ઝોનનો બિલો લગાવી અને તેમના સ્થાન સુધી દોરી જવાનું કામ સ્થાનિક સમાજના યુવાન મિત્રો દ્વારા સુંદર રીતે કર્યું હતું

આજની સભામાં મુખ્ય અતિથિ તરીકે શ્રી સમાજ દ્વારા નિમાયેલા ઝોન પ્રભારી એવાં વિનયકાંતભાઈ પ્રેમજીભાઈ રવાણી હાજર રહ્યા હતા

ત્યાર બાદ હોદ્દેદાર વડિલો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ અને સ્થાનિક સમાજની બહેનો દ્વારા પ્રાર્થના તથા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ છેલ્લા બે વર્ષમાં આપણાં સ્વજનો તેમાં આ સંસ્થા ના સ્થાપક પ્રમુખ એવાં પ્રેમજીભાઈ લિંમબાણી જેવા અનેક સ્વજનો ગુમાવ્યા તેમનાં આત્મા ને શાન્તિ એવમ્ સદ્ગતી આપે તેનાં માટે સૌ એ દિલથી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

ત્યારબાદ સ્થાનિક સમાજના પ્રમુખ શ્રી એવાં શંકરભાઈ રવાણી દ્વારા પોતાના આંગણે પધારેલ સર્વે ભાઈ બહેનો નું શબ્દો થી સ્વાગત કર્યું હતું તથા સંભારણા રૂપે દરેક વ્યક્તિ ને એક પેન આપવામાં આવી હતી તથા સ્થાનિક સમાજ શરૂઆત થી અત્યાર સુધીની

માહિતી મહામંત્રી શ્રી પુરસોતમભાઈ નાકરાણી દ્વારા આપવામાં આવી હતી તથા પ્રતિનિધિ તથા સલાહકારો ને ભેટ સ્વરૂપે ફોલ્ડર ફાઈલ આપેલ તેનું વિમોચન પ્રમુખ શ્રી શંકરભાઈ રવાણી તથા તેમનાં વડિલ એવાં ધરમશીભાઈ ચૌહાણ તથા ઝોન સમાજ ના પ્રમુખ શ્રી એવાં ચીમનભાઈ લિંમબાણી દ્વારા કરવામાં આવેલ હતું અતિથિ વિશેષ સન્માન મા સૌ પ્રથમ આ ઝોન ના ઉપપ્રમુખ એવાં વિશ્રામભાઈ છાભૈયા ને કેન્દ્રીય સમાજ મા ટ્રસ્ટી તરીકે નિમણૂંક થવાથી તેમનું સન્માન ઝોન સમાજ ના પ્રમુખ શ્રી દ્વારા કરવામાં આવેલ તથા આ ઝોનના પ્રભારી તરીકે શ્રી સમાજ દ્વારા નિમણૂંક કરી છે તેઓને આ સભામાં હાજર રહેવા માટે આમંત્રણ આપ્યું હતું અને હાજર રહ્યા હતા તેમનું સન્માન ઝોન ના ઉપપ્રમુખ શ્રી દ્વારા કરવામાં આવ્યું હતું

આ ઝોન ના સહ પ્રભારી તરીકે નિમણૂંક કરી છે એવાં વસંતભાઈ ગોરાણી નું સન્માન ખજાનચી એવાં પુરસોતમભાઈ વેલાણી દ્વારા કરવામાં આવ્યું હતું સ્થાનિક યજમાન સમાજ ના પ્રમુખ શ્રી નું સન્માન ઝોન ના આઈ પી પી એવાં ખીમજીભાઈ પોકાર દ્વારા કરવામાં આવ્યું હતું કેન્દ્રીય યુવા સંઘ મા કાઉન્સિલ પ્રમુખ તરીકે જેમની જાહેરાત થઈ છે એવાં આ ઝોન ના સભ્ય એવાં વિનોદભાઈ ભાવાણી નું સન્માન રીજીયન **IIP** ચેરમેન એવાં પ્રતાપભાઈ લિંમબાણી દ્વારા કરવામાં આવ્યું હતું

ત્યાર બાદ આ ઝોનના હોદ્દેદારો ને વિચાર આવ્યો કે આ કોરોના ની મહામારી ના સંકટ સમયે જે ડોક્ટરો આપણી જ્ઞાતિ ના આ ઝોનના સભ્ય હોય તેમને દવાખાને વોરિયર્ષ તરીકે સેવા આપી હોય અને કોઈ પણ વ્યક્તિ એ આ સમયે ઉમદા કાર્ય ન ભુલાય તેવા સભ્યોનું સન્માન પ્રમાણ પત્ર ફોટો ફ્રેમ કરેલું તથા સાલ અને બુકેથી ઝોન ના હોદ્દેદારો દ્વારા પાંચ ડોક્ટરો તથા ત્રણ વ્યક્તિ વિશેષ ના સન્માન કરવામાં આવ્યાં હતાં

આ બધાની માહિતી એકત્રા કરી તેમને કયા સેવા આપી તથા તેઓનો બાયોડેટા વગેરે નું સંકલન તથા એન્કર તરીકે હિતેશકુમાર લિંમબાણી દ્વારા કરવામાં આવેલી હતી તેમની આ કાર્યવાહી માટે ઝોન વતી ધન્યવાદ આપ્યા હતા

ત્યાર બાદ ગત સામાન્ય સભાની મિનિટ્સ બૂક નું વાચન મંત્રી પરબતભાઈ સાંખલા દ્વારા કરવામાં આવેલ તેમાં કાંઈ સુધારા જેવું ન લાગતાં સર્વાનુમતે પાસ કરવામાં આવેલ ત્યાર બાદ ગત બે વર્ષ ના હિસાબોની રજૂઆત ખજાનચી દ્વારા કરવામાં આવી હતી સૌને યોગ્ય લાગતાં તેને બહાલી આપવામાં આવી હતી ત્યાર બાદ કેન્દ્રીય સમાજ ની ગતિવિધિ ના અહેવાલમાં પ્રભારી એવાં વિનયકાંતભાઈ દ્વારા આપવામાં આવેલી હતી તેમાં નખત્રાણા ખાતે ની સામાન્ય સભા તથા નવા હોદ્દેદારોની નિમણૂક વગેરેની જાણકારી આપી હતી તેમાં ખાસ આપણી શ્રી સમાજની ભુજ ખાતે ની જમીન માટે ભુમી દાન આપવા ઉપર પ્રકાશ પાડયો હતો

એમ પણ કહ્યું હતું કે આ ઝોન હમેશાં દરેક બાબતમાં આગળ રહ્યો છે અને આમાં પણ સારૂ એવું દાન મળશે એવી અપેક્ષા છે અને આ ઝોન મા અમારી ઉપરી તથા સહ પ્રભારી તથા શ્રી સમાજ સાથે હમેશાં સંકળાયેલા વડિલ ધનજીભાઈ છાભૈયા આ બધા આ ઝોન મા છે અને વસંતભાઈ ગોરાણી ની જાણકારી મુજબ આજ દિન સુધી અંદાજે સાડા ત્રણસો વાર જેટલી નોંધ સ્વેચ્છાએ થઈ છે કોઈ ની પાસે ગયા નથી ક્યાય પણ જરૂર જણાશે ત્યા સાથે રહેશુ અને કાર્ય કરશું એવું આશ્વાસન આપ્યું હતું ત્યાર બાદ આવતો સમૂહ લગ્ન બાબતે જાણકારી તથા તેમાં નોંધાયેલા દરેક ભાગ્યશાળી દાતાઓના નામો સહ ખજાનચી રતિલાલ ભાવાણી દ્વારા વાંચી સંભળાવ્યા હતાં અને દરેક દાતા ઓને સર્વે જનોએ તાળીઓ થી વધાવી લીધાં હતાં

ત્યાર બાદ ખુલ્લા મંચ મા આ ઝોનના વિકાસ માટે તથા આ ઝોન પાસે આપની અપેક્ષા વિશે બોલવાનું છે સમય પણ ઓછો છે તેમાં અમુક જનો એ પોતાના વિચારો મુકયા હતા ત્યાર બાદ પ્રમુખ શ્રી ના ઉદ્દબોધન મા આ સભામાં હાજર રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો તથા જે જે વિષય ઉપર ચર્ચા થઈ છે તેના ઉપર મનોમંથન કરી ને અમલ મા લેવા જેવાં હશે તેના ઉપર આગળ વધશુ તથા કેન્દ્રીય સમાજ ની ભુમી દાન માટે પણ દરેક ઘટક સમાજો ને અપીલ કરી હતી તથા સાથે મળીને સારૂ કરશું તેવું જણાવેલ તથા આ ટીમ નો કાર્યકાળ પૂરો થાય છે અમારી ક્યાં પણ ભુલ થઈ હોય તો ક્ષમ્ય કરશો અને આવનારી નવી ટીમ ને પણ આવોજ સહયોગ આપશો તેવી અપીલ કરી હતી ત્યારબાદ આભાર વીંધી રતિલાલ ભાવાણી દ્વારા કરવામાં આવી અને આ સભા ને પુર્ણ કરી હતી

અને મંચ ખાલી કરવામાં આવ્યો હતો અને આવતા ત્રણ વર્ષ માટેના નિમાયેલા પ્રતિનિધિ ઓ તથા સલાહકારો ને મંચ ઉપર સ્થાન ગ્રહણ માટે પ્રતાપભાઈ લિંમબાણી દ્વારા કરવામાં આવેલ તથા સપથવીધી વસંતભાઈ ગોરાણી દ્વારા લેવડાવેલ હતી ત્યાર બાદ નવા પ્રમુખ શ્રી એવા ચીમનભાઈ લિંમબાણી તથા મહામંત્રી શ્રી પુરસોતમભાઈ વેલાણી એ આ ટીમ ને સહકાર તથા સહયોગ આપવા જણાવેલ તથા સાથે મળીને આ ઝોન ને ઉન્નતિ માટે સારા કાર્યો કરશું એવું આશ્વાસન આપ્યું હતું ત્યાર બાદ રાષ્ટ્રીય ગીત અને મા તથા ભગવાન ના જયઘોષ સાથે આ સભાને પુર્ણ કરી હતી

બપોરના જમવાનું થોડું મોડું થયું પણ સિમિત સંખ્યા એટલે કે ચારસો જેટલી જન સંખ્યા હતી સૌએ સાથે ભોજન લીધા બાદ છૂટા પડ્યા હતા વળી આવતી સામાન્ય સભા એક વર્ષ પછી ક્યાં થશે તેની ચિઠ્ઠી હમણાં કાઢવામાં આવે છે તેમાં બેંગ્લોર મધ્યે લાલબાગ સમાજમાં થશે અને ત્યા આયોજન કરવામાં આવશે

- સંયોજક :- વસંતભાઈ ગોરાણી,

નખત્રાણા ખાતે આપણી કેન્દ્રીય સમાજ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રિ.મોહનભાઇ છાભૈયાએ નવચેતના નો સંચાર કર્યો

નક્ષત્રાના ખાતે છેલ્લા દોઢ દાયકા થી આપણા જ્ઞાતિજનો ના ફંડથી નિર્ભર આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજ સારું કરવામાં આવી હતી.આ કોલેજ ના સંચાલન માટે પ્રતિવર્ષે લખો રૂપિયા નો બોજ સમાજે ઉઠાવવો પડતો હતો .છેલ્લા કેટલાક સમય થી કોલેજ ને ગ્રાન્ટેડ કરવા માટેના પ્રયત્નો ચાલુ હતા.પણ તેમાં સફળતા મળતી નહતી.

ચાર વર્ષ પહેલા જ્ઞાતિના ગૌરવ સામા સરદાર પટેલ યુનિવર્સિટી ના પૂર્વ રજીસ્ટાર અને વર્તમાન આણંદ કોલેજના પ્રિન્સિપાલ ડો.મોહનભાઇ છાભૈયા ને કોલેજ ના સંચાલન અને ગ્રાન્ટેડ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નો બહોળો વહીવટ અને અનુભવ ધરાવતા ડો.મોહનભાઇ છાભૈયા સંસ્થા માં પ્રાણ પૂર્યો અને વહીવટીય અને શિક્ષણિક ગુણવતમાં નોંધપાત્ર વધારો કર્યો.

પોતાની આ ક્ષેત્રની વગ દ્વારા કોલેજ ગ્રાન્ટેડ થાય તે માટે ના સફળ પ્રયત્નો કર્યા. આ દીશા માં શેષ બાકીની કામગીરી માટે મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની રૂબરૂ મૂલાકાત લઇ અસરકારક રજૂઆત કરી હતી. મુખ્ય મંત્રી શ્રી એ ગ્રાન્ટના પ્રશ્નો નો ત્વરિત ઉકેલ લાવવા માટે ખાતરી આપી હતી

આજની ચિંતનકણિકા

INDIA છોડો, ભારત બોલો...(૩)

અંગ્રેજોને આ સુજલામ્ સુફલામ્ અને સુંદર ધરતી પર પોતાનું શાસન કાયમ કરવું હતું. એ માટે એમને જરૂર જણાઈ આ દેશનું સત્ત્વ નષ્ટ કરવાની...પ્રત્યેક ભારતવાસીનું આત્મગૌરવ નષ્ટ કરવાની. એ વિના આ શક્ય નહોતું. આવું કરવા માટે એમણે ત્રણ જુઠ્ઠાણાં ચલાવ્યાં અને એનો ગોબેલ્સ પ્રચાર કરતા રહીને એમને પ્રસ્થાપિત કરી દીધાં.આ અપ-પ્રચારને કારણે ભારતવાસીઓ ભ્રમિત થયા અને આપણે ૨૫૦ વર્ષ સુધી ગુલામીની બેડીઓમાં જકડાઈ ગયા.

આ ત્રણ જૂઠ પૈકીનું એક આજે...

(૧) આર્યો બહારથી આવીને અહીં વસ્યા છે. એ ભારતના મૂળ વતની ન હતા.

આવું જૂઠ ચલાવી શકે તો જ તેઓ એવું કહી શકે ને કે તમેય બહારથી આવ્યા અને અમેય બહારથી આવ્યા.

જેટલો આ ભૂમિ પર તમારો અધિકાર એટલો જ અમારો ૧ એમનું આ જૂઠ આપણા માનસમાં ઊંડે સુધી ઘૂસી ગયું છે. એટલી હદ સુધી ઊંડે ઘૂસી ગયું છે. કે વર્ષો સુધી આપણાં પાઠ્યપુસ્તકોનો વિષય બનેલો રહ્યો. વામપંથી અને વિદેશભક્ત આપણા મહાન (૧) ઇતિહાસકારોએ એને સારી પેઠે ચગાવ્યો. વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ગુણ મેળવવા માટે 'આર્યો બહારથી આવ્યાં એવું જ લખવું પડે.

વાસ્તવમાં આર્ય એ તો ગુણવાચક શબ્દ છે, જાતિવાચક નહીં. આર્ય એટલે સુસંસ્કૃત માનવ....અને, એટલે જ આપણું મહાન સૂત્ર -कृण्वन्तो विश्वमार्यम् ।આ વાતની સાબિતી છે.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ.

SUV International school.

શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વ્યક્તિ વિશેષ ને માનવતા ગૌરવ સન્માન

શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ની બનો તાઃ 24.10.2021 ના રવિવારે K.R.Puram ભવન મધ્યે સામાન્ય સભા માં કોરોના કાળ દરમિયાન પોતાના કર્તવ્ય ભાવ થી માનવતા માટે નિસ્વાર્થ સેવા આપવા બદલ ડોક્ટરશ્રી ઓ તથા આરોગ્ય ને લગતી સંસ્થાઓ સાથે જોડાયેલા તમામ વ્યક્તિ વિશેષ ને "માનવતા ગૌરવ સન્માન" આપવામાં આવ્યું.

ગુજરાતમાં "આપકે દ્વાર આયુષ્યમાન" કાર્યક્રમ લોન્ચ કરાયો.

હવે હોસ્પિટલના ધક્કા ખાવા નહીં પડે. ઇ-સેવા સેતુથી આયુષ્યમાન કાર્ડ મળશે.

ગુજરાતમાં આરોગ્યની સારી તબીબી સારવાર ઉપલબ્ધ થાય તે માટે વધુને વધુ લોકોને આયુષ્યાન કાર્ડ આપવા આરોગ્ય વિભાગે તૈયારીઓ કરી છે .

રાજ્યમાં આપ કે દ્વાર આયુષ્યમાન કાર્યક્રમને રાજ્ય સરકારે લીલીઝંડી આપી છે.

ગુજરાતમાં આરોગ્યની સારી તબીબી સારવાર ઉપલબ્ધ થાય તે માટે વધુને વધુ લોકોને આયુષ્યાન કાર્ડ આપવા આરોગ્ય વિભાગે તૈયારીઓ કરી છે . રાજ્યમાં આપ કે દ્વાર આયુષ્યમાન કાર્યક્રમને રાજ્ય સરકારે લીલીઝંડી આપી છે જે અંતર્ગત ૭૯ લાખ પરિવારોના સભ્યોને વ્યક્તિગત આયુષ્યમાન કાર્ડ આપવા આયોજન કરાયુ છે . મહત્વની વાત એ છે કે, હવે કાર્ડ મેળવવા હોસ્પિટલના ધક્કા ખાવા નહી પડે બલ્કે ઇ-સેવા સેતુના માધ્યમથી સરળતાથી આયુષ્યમાન કાર્ડ મેળવી શકાશે.

૨-જી ઓગસ્ટે ૨૫૦ તાલુકા,૧૫૦ નગરપાલિકા-કોર્પોમાં ૪૫૦ સ્થળોએ ૩૦ હજાર કાર્ડ કાઢી આપવા આયોજન

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા

તા.૨૭.૧૦.૨૦૨૧ બુધવાર
સ્વ.પ્રેમીલાબેન વિશ્રામભાઈ રામાણી
ઉંમરઃ ૬૯વર્ષ.
કચ્છમાં ગામ:લક્ષ્મીપર (નેત્રા)
હાલે:પણસોરા, જીલ્લા.આણંદ

તા.૨૭.૧૦.૨૦૨૧ બુધવાર
સ્વ.દયારામભાઈ પ્રેમજીભાઈ નાકરાણી,
ઉંમર:૮૫ વર્ષ,
કચ્છમાં ગામ:નખત્રાણા (જુનાવાસ)(સ્થાનિક)
અવસાન કારણ:વૃદ્ધાવસ્થા, નૈસર્ગિક

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના
શ્રી સમાજ ,સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણશ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ...

અ.ભા.ક.ક.પા.સનાતન સમાજ તલોદનું ગૌરવ

અ.ભા.ક.ક.પા.સનાતન સમાજ તલોદનું ગૌરવ
તલોદ સમાજના ઉત્સાહી સભ્ય એવા બકુલભાઈ વિશ્રામભાઈ ધોળુની દીકરી મૈત્રી બકુલભાઈ ધોળુ એ **GTU** માંથી **Computer Engineering** માં **9.6 SPI** મેળવી ડિગ્રી પ્રાપ્ત કરી છે જે તલોદ માટે ગૌરવની વાત છે. તલોદ સમાજ, યુવા મંડળ અને મહિલા મંડળે તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.સનાતન ધર્મ પત્રિકા વતી પણ દીકરી મૈત્રી ને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભ કામનાઓ.

કેન્દ્રીય યુવાસંઘની 2021-2023 ની ટીમ વરણી કરવામાં આવી

કેન્દ્રીય યુવાસંઘની 2021-2023 ની ટીમ વરણી કરવામાં આવી. જેમાં રાજકિય મિશન રાષ્ટ્રીય માલખે અને હવે તો વિશ્વ ના માલખે કડપા સંતાન ને સર્વ શ્રેષ્ઠ નિર્માણ કરવાનું છે ત્યારે યુવાસંઘ ના રાજકીય મિશન ના કન્વીનર પદે નિયુક્ત થતા એવા મયૂર રંગાણી ની આ મિશન માં ઉત્તમ કામગીરી દ્વારા સફળતા મળેલ.
મયુર રંગાણી નું સ્વાગત સન્માન ઝાંસી UP અને MP ના સાહસિક પ્રદીપસિંહજી જેઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેલ હતા..

શ્રી રાયણ લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સમાજ, મોટી રાયણ, વાર્ષિક સામાન્ય સભા

પ્રમુખશ્રી
લક્ષ્મીચંદ ધનજીભાઈ વાસાણી

મંત્રીશ્રી
જેન્તીલાલ કરસનભાઈ પોકાર

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ, રાયણ મોટી ની દશેરાના દિવસે વાર્ષિક સામાન્ય સભા મળેલ આ સભા સમાજના પ્રમુખશ્રી લક્ષ્મીચંદભાઈ સેંઘાણીના અધ્યક્ષ સ્થાને મળેલ બીજા દિવસે લક્ષ્મીનારાયણ મંદિરનો ૭૩મો વાર્ષિક પાટોત્સવ ઉજવવાનો તેમજ સમાજની નવી સમિતિની રચના કરવાની હોવાથી રાયણ ગામના બહાર વસ્તાભાઈ-બહેનો મોટી સંખ્યામાં આ મિટિંગમાં ભાગ લીધેલ આ મીટીંગમાં

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર કેન્દ્રીય સમાજની ભુજ ખાતે લીધેલ ભૂમિ માટે ભૂમિદાનની તેમજ સંસ્કારધામની દેવ દ્રવ્ય યોજના વિશે ચર્ચા થયેલ આ બને યોજનામાં સમાજના ભાઈઓનો બહુ સારો પ્રતિસાદ મળેલ. ત્યારબાદ આવતા ત્રણ વર્ષ માટે સમાજના નવા કર્ણધારો સમાજજનોએ સર્વે સંમતિ થી નક્કી કરેલ તેમાં નવા પ્રમુખશ્રી લક્ષ્મીચંદ ધનજી વાસાણી તેમજ મહામંત્રીશ્રી જેન્તીભાઈ કરશનભાઇ પોકાર અને તેમની ટીમની નવી રચના સર્વાનુમતે કરેલ તેમજ હવે પછી સમાજ વિકાસના નવા કર્યો

ઉપર નવી સમિતિએ ભાર મૂકેલ તેમજ આ સભામાં યુવક મંડળના પ્રમુખશ્રી સંદીપ વાસાણી તેમજ તેમની ટીમે સહયોગ આપેલ સભાની આભાર વિધિ મહામંત્રીશ્રી જેન્તીભાઈ પોકારે કરેલ.

નવનિયુક્ત કારોબારી ટીમ વર્ષ-૨૦૨૧-૨૦૨૪
પ્રમુખશ્રી:**લક્ષ્મીચંદ ધનજી વાસાણી**
ઉપપ્રમુખશ્રી:**શાંતિલાલ વિસનજી રામજીયાણી**
મંત્રીશ્રી:**જેન્તીલાલ કરસન પોકાર**
ખજાનચીશ્રી:**હરીલાલ રામજી ધોળું**
સહખજાનચીશ્રી:**કિશોર નારણ દીવાણી**
સહમંત્રીશ્રીઓ:**મનસુખભાઈ સામજી સેંઘાણી**
શંકરલાલ પ્રેમજી વેલાણી
સલાહકારશ્રી:**લક્ષ્મીચંદ ધનજી સેંઘાણી**
કારોબારી સભ્ય શ્રીઓ :
જેન્તીલાલ નારણ વેલાણી
ધીરજ કરસન દડગા
રતિલાલ પ્રેમજી રંગાણી
કિશોર લખમસી સેંઘાણી
ગોવિંદ વિસનજી વાસાણી
વિરેન્દ્ર નાનજી પોકાર
અરવિંદ કલ્યાણજી ચોપડા
પ્રવિણ કલ્યાણજી પોકાર
પ્રવિણ કલ્યાણજી પોકાર
પરસોતમ રામજી પોકાર
રવિલાલ કરસન પોકાર
સમગ્ર ટીમને યુવક મંડળ, મહિલા મંડળ તેમજ સમગ્ર સમાજ વતી ખુબ ખુબ અભિનંદન.

કાર્યાલય :૫૦૧-૫૦૪,પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પ્લેક્ષ,નરોડા દહેગામ રોડ,એસપી રિંગ રોડ પાસે,નરોડા અમદાવાદ- ૩૮૨૩૩૦ મોબાઈલ:૭૭૧૮૯૭૭૭૭૪